SOHAIL & CO.
LABOUR LAW CONSULTANTS

# LATEST MINIMUM WAGES IN GUJARAT

For the period 1st April 2018 to 30th Sep. 2018,
Dearness Allowance increased ₹06.60/day.

## Within the Municipality Area (Zone-I)

| Workers Category | Daily Wages | | Monthly Wages |
|---|---|---|---|
| Skilled | Basic | 293.00 | 7618.00 |
| | D.A. | 36.20 | 941.20 |
| | **Total** | **329.20** | **8559.20** |
| Semi-Skilled | Basic | 284.00 | 7384.00 |
| | D.A. | 36.20 | 941.20 |
| | **Total** | **320.20** | **8325.20** |
| Un-Skilled | Basic | 276.00 | 7176.00 |
| | D.A. | 36.20 | 941.20 |
| | **Total** | **312.20** | **8117.20** |

## Outside the Municipality Area (Zone-II)

| Workers Category | Daily Wages | | Monthly Wages |
|---|---|---|---|
| Skilled | Basic | 284.00 | 7384.00 |
| | D.A. | 36.20 | 941.20 |
| | **Total** | **320.20** | **8325.20** |
| Semi-Skilled | Basic | 276.00 | 7176.00 |
| | D.A. | 36.20 | 941.20 |
| | **Total** | **312.20** | **8117.20** |
| Un-Skilled | Basic | 268.00 | 6968.00 |
| | D.A. | 36.20 | 941.20 |
| | **Total** | **304.20** | **7909.20** |

ક્રમાંકઃશ્ર.આ.૬/૧/ ૨૦૧૮/૪૪૩૫ ૫૩૨
શ્રમ આયુકતની કચેરી, ગુજરાત રાજય,
ઉધોગ ભવન, બ્લોક નં. ૧૧, ૧૨ અને ૧૪,
બીજો માળ, સેકટર-૧૧, ગાંધીનગર.

તા.૩૧-૦૩-૨૦૧૮

પ્રતિ,
(૧) નાયબ શ્રમ આયુકતશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ
(૨) મદદનીશ શ્રમ આયુકતશ્રી (તમામ)
(૩) સરકારી શ્રમ અધિકારીશ્રી (તમામ)

શ્રમ આયુકત,
ગુજરાત રાજય, ગાંધીનગર

લધુતમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળના ખાસ ભથ્થાની જાહેરાત.

લધુતમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળ સરકારશ્રીએ જે તે વ્યવસાય માટે નિયત કરેલ મૂળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારીત આપવાના ખાસ ભથ્થાના દૈનિક દર હવે તા.૧-૦૪-૨૦૧૮ થી તા. ૩૦-૦૯-૨૦૧૮ સુધીના સમય માટે નીચે મુજબ રહેશે.

| ક્રમ | અનુસુચિત રોજગારી/વ્યવસાય | ખાસ ભથ્થાના દૈનિક દર (રૂા. પૈસા ) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | શીપ બ્રેકીંગ તથા સ્વીપીંગ અને કલીનીંગકામની રોજગારી(વ્યવસાય) | રૂા.૪૧.૫૦ પૈસા |
| ૨ | ઇંટ ઉત્પાદન, જરી ઉધોગ, (અખાડેદાર સિવાય), રેડીમેડ ગારમેન્ટ અને દરજીકામનો વ્યવસાય,રેડીમેડ ગારમેન્ટમાં પીસ રેટથી કામ કરતા શ્રમયોગીઓ માટે, મીઠા ઉધોગ અને તમાકુ અને બીડી બનાવવાના કામ અંગેની રોજગારી(વ્યવસાય) | રૂા.૧૨૩.૭૦ પૈસા |
| ૩ | અનુ. નં ૧,૨ અને અગરબતી બનાવવાની રોજગારી સિવાયની દરેક રોજગારી (વ્યવસાય) | રૂા.૩૬.૨૦ પૈસા |

અનું નં ૧, ૨ અને ૩ ની સામે દર્શાવેલ વ્યવસાયમાં ઉપરોક્ત સમય દરમ્યાનના ખાસ ભથ્થાના દૈનિક દર જાહેર કરવામાં આવે છે

-Sd-
નાયબ શ્રમ આયુકત
અને લધુતમ વેતન અધિનિયમ,૧૯૪૮
અન્વયેના સક્ષમ અધિકારી, ગાંધીનગર

રવાના કરવા પ્રમાણિત કર્યુ.
મદદનીશ શ્રમ આયુકત
ગાંધીનગર

Special Allowance, birencontractor

Scanned by CamScanner

ક્રમાંકઃ શ્ર.આ.૬/૧/કોન્ટ્ર/ભથ્થા/ ૨૦૧૮/૩૩૦૫-૪૦
શ્રમ આયુકતની કચેરી, ગુજરાત રાજય,
ઉધોગ ભવન, બ્લોક નં. ૧૧, ૧૨ અને ૧૪,
બીજો માળ, સેકટર-૧૧, ગાંધીનગર.
તારીખઃ-૩૧/૩/૨૦૧૮

# પરિપત્ર

## કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ હેઠળ ખાસ ભથ્થુ બહાર પાડવા બાબત.

આથી સર્વે સરકારી શ્રમ અધિકારીશ્રીઓને જણાવવાવમાં આવે છે કે, કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ, ૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ હેઠળ કોન્ટ્રાકટરોને આપવામાં આવતા લાયસન્સની શરત નં(૪)માં સ્પષ્ટ જણાવ્યા મુજબ લધુતમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળ જે અનુસુચિત વ્યવસાયો માટે સરકારશ્રીએ લધુતમ વેતન નકકી કરેલ છે. તેવા વ્યવસાયોમાં કામે રાખતા કોન્ટ્રાકટરોએ તેમના શ્રમયોગીઓને જે તે અનુસૂચિમાં સરકારે નકકી કરેલ લધુતમ વેતન દરે પગાર તથા વખતો વખત જાહેર થતું જીવનનિર્વાહ ભથ્થું ચૂકવવાનું રહે છે પરંતુ જે વ્યવસાયોનો લધુતમ વેતન હેઠળની અનુસુચિમાં સમાવેશ થતો ન હોય તેવા વ્યવસાયોમાં સંકળાયેલ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને આ પરિપત્રથી નકકી થયા મુજબનું વેતન ચૂકવવાનું રહેશે.

લધુતમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળ જાહેર થયેલ અનુસુચિત વ્યવસાય સિવાયના વ્યવસાયમાં કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ના નિયમ-૨૩ અન્વયે આપવામાં આવતા લાયસન્સની શરત નં(૬) થી મળેલ સતાની રૂએ, શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગરે શ્રમયોગીઓને ચૂકવવાની થતી મજુરીના દર નીચે મુજબ નકકી કરેલ છે. જે તા.૧-૩-૨૦૧૫થી અમલમાં આવેલ છે.

| અ.નં | શ્રમયોગીઓનો વર્ગ | દૈનિક લધુતમ વેતન દર | |
|---|---|---|---|
| | | ઝોન-૧ | ઝોન-૨ |
| ૧ | કુશળ | ૨૯૩ | ૨૮૪ |
| ૨ | અર્ધકુશળ | ૨૮૪ | ૨૭૬ |
| ૩ | બીનકુશળ | ૨૭૬ | ૨૬૮ |

**આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ**

(ક) ઝોન-૧ ગુજરાત રાજયમાં, ગુજરાત પ્રોવિશિયલ મ્યુનિસીપલ કોર્પોરેશન અધિનિયમ,૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસીપલ કોર્પોરેશનની હદોની અંદરના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ,૧૯૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકા હદોની અંદરના વિસ્તારોમાં અને સબંધિત શહેરી વિકાસ સતામંડળોની હકુમતની અંદર આવતા વિસ્તારોના સમાવેશ થશે.

૨...

Special Allowance. birencontractor

Scanned by CamScanner

ઝોન-૨ માં,ઝોન-૧ માં સમાવિષ્ટ હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજયના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ)

ઉકત નકકી કરવામાં આવેલ વેતનદરો ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને જીવન-નિર્વાહ ખર્ચ આંક સાથે સંકળાયેલ ખાસ ભથ્થું આપવાનું રહે છે. આથી નિયત કરેલ મૂળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારિત આપવાનું ખાસ ભથ્થું તા.૧-૦૪-૨૦૧૮ થી તા.૩૦-૦૯-૨૦૧૮ સુધીના ૬(છ) માસના સમય માટે દૈનિક રૂા. ૩૬.૨૦ પૈસા (અંકે રૂપિયા છત્રીસ અને વીસ પૈસા પૂરા) લેખે લાયસન્સની શરત નં.૬ હેઠળ મળેલ સતાની રૂએ નકકી કરવામાં આવે છે. જે ઠરાવેલ વેતનના દરની રકમ ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને ચૂકવવાના રહેશે. આ હુકમનો સબંધિત કોન્ટ્રાકટરો અમલ કરે તે જોવા આથી જણાવવામાં આવે છે.

શ્રમ નિયામક
ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ રવાના:

(૧) અધિક શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર.

(૨) નાયબ શ્રમ આયુકતશ્રી,

(૩) સર્વે મદદનીશ શ્રમ આયુકતશ્રી,

(૪) સર્વે સરકારી શ્રમ અધિકારીશ્રી,

(૫) કચેરીની સર્વે શાખાઓ, ૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨, ખાસ સેલ અને આઇ.ટી. સેલ

(૬) શાખાની સીલેકટ ફાઇલ/પરિપત્ર ફાઇલ

*Special Allowance. birencontractor*

Scanned by CamScanner